**દી.પ.અ.નં. : ૦૨/૨૦૨૩**

**-: આંક-૧ લગત હુકમ :-**

આજ રોજ અરજદાર તથા અરજદારના વિ.વ.શ્રીનો ફર્સ્ટ તથા સેકન્ડ સિટીંગમાં પોકાર કરાવતા હાજર નથી કે તેમના તરફે કોઇ રીપોર્ટ રજુઆત નથી.

સદર કામનું રેકર્ડ વંચાણે લેતાં અરજદાર એ હાલની અરજી ઇન્ડિયન સકસેશન એક્ટની કલમ-૩૭૨ હેઠળ ગુજરનાર નું વારસા સર્ટીફીકેટ/ લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન મળવા અંગે અરજી દાખલ કરેલ છે અને અરજી લગત અરજીના સમર્થનમાં સોગંદનામું તથા મિલકતના શિડયુઅલ રજુ રાખેલ છે તથા દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજુ રાખેલ છે.

ત્યારબાદ હાલની અરજીના કામે અરજદાર તરફે જાહેરનોટીસ પ્રસિધ્ધિ અંગેની પુરશીસ આંક-૯ થી રજુ રાખી માર્ક ૯/૧ થી બીલ તથા આંક-૧૦ થી વર્તમાન પત્રની અસલ પ્રત રજુ રાખેલ છે. ત્યારબાદ અરજીના કામે આંક-૧૧ થી અરજદારનું પુરાવાનું સોગંદનામું રજુ રાખી આંક-૧૨ વાળી દસ્તાવેજો આંકે પાડવાની અરજી રજુ રાખેલ છે જે નીચે મારા પુરોગામીશ્રી દવારા હુકમ કરી માર્ક ૭/૧ થી ૭/૧૭ સુધીના દસ્તાવેજોને આંક-૧૩ થી ૨૯ આપવાનો હુકમ કરેલ છે.

ત્યારબાદ હાલના કામે સામાવાળા નં. ૨/૧, ૩/૧, ૩/૨, ૩/૪, ૩/૫ અને ૫/૨ તરફે વકીલાત પત્ર રજુ રાખી સામાવાળા નં. ૩/૫, ૩/૪,૫/૨,૩/૨,૩/૧ ના સોગંદનામા રજુ કરેલ છે જે આ કામે અનુક્રમે રજુ દાખલ આંક- ૩૧ થી ૩૫ સુધી રજુ છે. ત્યારબાદ હાલના કામે અરજદાર કે તેમના વકીલશ્રી હાજર ન રહેતા કે તેમના તરફે કોઇ રીપોર્ટ રજુઆત ન કરતા હાલના કામે અરજદાર તથા તેના વિદ્વાન વકીલશ્રીને અરજીના કામે હાજર રહેવા નોટીસ કરવામાં આવેલ જે નોટીસો આ કામે બજેલ પરત થયેલ છે. જે આ કામે આંક-૩૬ તથા આંક-૩૭ થી રજુ છે. તેમ છતાં અરજદાર કે તેમના વકીલશ્રી હાજર રહેલ નથી કે અરજીના સંદર્ભમાં આગળ કોઇ કાર્યવાહી કરેલ નથી જેથી અરજદારને ફરી આંક-૩૮ થી મુદત તા. ૨૪/૩/૨૦૨૬ ની નોટીસ કરતા જે બજી જવા છતાં આ કામના અરજદાર કે તેના વકિલશ્રી મુદત તા. ૨૪/૩/૨૦૨૬ના રોજ હાજર રહેલ નથી . આ કામે સામાવાળા નં. ૩/૧,૩/૨,૩/૪,૩/૫ તથા ૫/૨ ના સોગંદનામાઓ રજુ થયેલ છે જયારે અન્ય સામાવાળાઓને નોટીસ ઇસ્યુ થયેલ હોય તેવું જણાતું ન

હોય જેથી સામાવાળા નં. ૩/૧,૩/૨,૩/૪,૩/૫ તથા ૫/૨ સિવાયના તમામ સામાવાળાઓને નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ જે અન્વયે સામાવાળાઓને મોકલવાની નોટીસ ની નકલ રજુ થયેલ ન હોય સબંધિત બ્રાન્ચ કલાર્કશ્રીએ શેરો કરેલ હોય કામ અરજીની નકલો રજુ થવા ન્યાયના હિતમાં છેલ્લી મુદત મુલતવી રાખવામાં આવેલ. ત્યારબાદ હાલના કામે અરજદાર તથા તેમના વિદ્વાન વકીલશ્રીનો પોકાર કરાવતા હાજર ન હોય વધુ એક છેલ્લી મુદત મુલતવી રાખવામાં આવેલ.

આજ રોજ હાલના કામે અરજદાર તથા તેમના વિદ્વાન વકીલશ્રીનો ફર્સ્ટ તથા સેકન્ડ સિટીંગમાં પોકાર કરાવતા હાજર નથી કે તેમના તરફે કોઈ રીપોર્ટ રજુઆત નથી. આમ રેકર્ડ જોતા આ કામે અરજદારની અરજીમાં જણાવ્યા મુજબના સામાવાળા નં. ૨/૧, ૩/૧, ૩/૨, ૩/૪, ૩/૫ અને ૫/૨ સિવાયના અન્ય સામાવાળાઓને આજદીન સુધી નોટીસ નકલોના અભાવે બજેલ ન હોય હાલનું કામ છેલ્લા ઘણા સમયથી બાકી રહેલા સામાવાળાને બજાવવાની નોટીસ નકલોના અભાવે નિકળેલ ન હોય તેમજ સામાવાળાઓને નોટીસ બજાવવા માટે અરજદાર દવારા હાજર રહી કોઈ પ્રયત્ન કરેલ ન હોય આ કામે અરજદારને સદર અરજી અન્વયે આગળની કાર્યવાહી માટે પુરતો અને વ્યાજબી સમય આપવા છતાં હાજર રહી અરજી અન્વયે આગળની કાર્યવાહી ચલાવવા દરકાર લીધેલ નથી. અને અરજદારની ગેરહાજરીના કારણે હાલનું કામ લાંબા સમયથી જેમનુતેમ પડી રહેલ હોય જેથી હાલની અરજી અન્વયે અરજદારને કોઈ રસ ન હોવાનું રેકર્ડ પરથી જણાય આવતું હોય અરજદારને હાલના કામે વધુ તક આપવી ઉચિત જણાતી ન હોય અરજદારની સતત ગેરહાજરીને દયાને લઈ હાલનું કામ **ડીસમીસ ફોર ડીફોલ્ટ** થી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**હુકમ આજરોજ તારીખ : ૨૪ મી, માહે જુન , સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ : જામજોધપુર.

( એન.આર.ગોહેલ)
પ્રિન્સીપાલ સીવીલ જજ , જામજોધપુર.

તારીખ : ૨૪–૦૬ –૨૦૨૬.

જજ કોડ : જીજે–૦૧૫૮૪.